




સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યાલય, સેક્ટર-૬ દ્વારા સ્વચ્છતા જાગૃતિ અંગે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વૉર્ડ નં. ૭ના નગરસેવક રાકેશભાઈ જી પટેલ, હિરલબેન જોષી, ઊર્મિલાબેન વર્મા અને ગાંધીનગર શહેર પૂર્વ કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલ દ્વારા રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. રેલી સેક્ટર-૬ના વિસ્તારોમાંથી પસાર થઈ હતી. વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છ ભારત, બેટી બચાવો, સાક્ષરતા અનુસંધાને વિવિધ સૂત્રો પોકારવામાં આવ્યાં હતાં તથા મુખ્ય વિસ્તારોમાં શેરી નાટકની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી.

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ માટે કોની પસંદગી કરવામાં આવી છે ?
(એ) ચંદ્રશેખર રાવ
(બી) ડૉ. મનમોહન સિંહ
(સી) રાધામોહન સિંહ
(ડી) ચંદ્રાબાબુ નાયડુ

(૨) ૨૦૧૭માં નાબાર્ડ બૅન્કે કયા રાજ્યને વિકાસ માટે રૂા. ૧૩૫૦ કરોડની લોન આપવાની જાહેરાત કરી છે ?
(એ) ગુજરાત (બી) બિહાર
(સી) રાજસ્થાન (ડી) મહારાષ્ટ્ર

(૩) ૨૦૧૭માં શપથ ભારદ્વાજને જુનિયર પુરુષ ડબલ ટ્રેપ સ્પર્ધામાં કયો મેડલ પ્રાપ્ત થયો હતો ?
(એ) ગોલ્ડ (બી) સિલ્વર
(સી) બ્રોન્ઝ (ડી) એકપણ નહીં

(૪) ૨૦૧૭માં વિવિધ રાજ્યમાં ન્યાયિક વ્યવસ્થા મજબૂત બનાવવા માટે કેટલામા નાણાં પંચે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવા ભલામણ કરી હતી?
(એ) ૧૦મા (બી) ૧૪મા
(સી) ૧૬મા (ડી) ૧૩મા

(૫) ૨૦૧૭માં ઈન્ફોસિસના વચગાળાના નવા સીઈઓ પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) પ્રવીણ રાજુ (બી) પ્રવીણ સેન
(સી) પ્રવીણ ધવન (ડી) પ્રવીણ રાવ

(૬) કેન્દ્ર સરકારે ‘ની ઈમ્પાલન્ટ’ની કિંમત કેટલી નિર્ધારિત કરી છે ?
(એ) રૂા. ૫૨૭૨૦ (બી) રૂા. ૫૩૭૨૦
(સી) રૂા. ૫૪૭૨૦ (ડી) રૂા. ૫૫૭૨૦

(૭) વડોદરાના સમા તળાવ ખાતે આવેલા ગુજરાતના સૌથી ઊંચા રાષ્ટ્રધ્વની ઊંચાઈ કેટલી છે ?
(એ) ૬૭ મીટર (બી) ૬૮ મીટર
(સી) ૬૯ મીટર (ડી) ૭૦ મીટર

(૮) ૨૦૧૭માં રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં કેટલી નવી ઔદ્યોગિક વસાહતો (જીઆઈડીસી)ની સ્થાપનાની જાહેરાત કરી છે ?
(એ) ૫ (બી) ૧૦
(સી) ૧૫ (ડી) ૨૦

(૯) ડૉ. ભક્તિ યાદવને વર્ષ ૨૦૧૭માં પદ્મશ્રી પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં, તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલાં હતાં ?
(એ) તબીબી (બી) શિક્ષણ
(સી) સાહિત્ય (ડી) વિજ્ઞાન

(૧૦) તાજેતરમાં ડૉક્ટર દાદી તરીકે પ્રસિદ્ધ મહિલા ડૉ. ભક્તિ યાદવનું નિધન થયું છે, તે કયા રાજ્યનાં વતની હતાં ?
(એ) બિહાર (બી) ઉત્તર પ્રદેશ
(સી) મધ્યપ્રદેશ (ડી) ઝારખંડ

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ દ્વારા પૂરપીડિતો માટે ફાળો એકત્ર કરાયો

## ૫૫ હજારની નિધિ સ્કૂલ સંચાલકો દ્વારા ગાંધીનગર કલેક્ટરને સુપ્રત કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

શિક્ષણક્ષેત્રે યશસ્વી પરિણામો પ્રાપ્ત કરતી ટ્યુશન મુક્ત શિક્ષણ આપતી ગાંધીનગરની એકમાત્ર ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ (અંગ્રેજી માધ્યમ) માનવતા ક્ષેત્રે પણ આગળ છે.

અતિવૃષ્ટિથી ગુજરાતના બનાસકાંઠામાં આવેલા પૂરને લીધે બેઘર બનેલા, સર્વસ્વ ગુમાવી બેઠેલા પીડિતોને ‘ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ’ના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકો તરફથી ઉદાર હાથે ફાળો આપી માનવતાના આ કાર્યમાં યોગદાન આપ્યું હતું. સૌ તરફથી એકઠા થયેલા રૂા. ૫૫ હજારની રકમ ગાંધીનગર જિલ્લા કલેક્ટર રાહત નિધિમાં અર્પણ કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી, ટ્રસ્ટી હિનાબેન ગગલાણી, ડિરેક્ટર શૈલેષ પંડ્યાની હાજરીમાં કલેક્ટર સતિષભાઈ પટેલને રાહતફાળાની આ રકમ સુપ્રત કરવામાં આવી હતી.

## રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા બનાસકાંઠા અતિવૃષ્ટિ સંદર્ભે

# વિપુલ પ્રમાણમાં અનાજ અને કાપડ દાન સ્વરૂપે એકત્ર કરવામાં આવ્યું



ગાંધીનગર, તા. ૨૨

રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરા દ્વારા બનાસકાંઠા અતિવૃષ્ટિ સંદર્ભે અંદાજીત એક લાખનું અનાજ અને કાપડ દાન સ્વરૂપે ભેગું કરવામાં આવ્યું છે. શારીરિક શિક્ષણ વિદ્યાશાખાના બધા જ અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ દીવાલની અંદર અને દીવાલની બહારના શિક્ષણની સાથે સાથે જીવન શિક્ષણના ભાગ રૂપે એક પ્રેરણાદાયી સમાજ ઉત્થાનની સેવાકીય પ્રવૃત્તિનું દાખલા સમાજ સામે પ્રસ્તુત કર્યું છે વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષણની વ્યસ્તતાની સાથે-સાથે પોતાના અંગત સમયમાંથી ત્રણ - ચાર કલાક કાઢી આવી સરસ અને સમાજ કલ્યાણની સેવા કરી છે, જે અતુલ્ય કાર્ય કહી શકાય છે. આજુબાજુનાં ગામો દશેલા, હરીપુરા, માધવગઢ, લક્ષ્મીપુરા, રાજપુર, કલ્યાણપુરા, મોતીપુરા, ઝાખોરા અને સાદરાના સરપંચો અને આગેવાનોનો સહકાર આ ઉમદા કાર્ય માટે પ્રાપ્ત થયો હતો.

## જન્મદિને વધામણી



એ કે નંદાણી
ઉપસચિવ
માર્ગ અને મકાન વિભાગ
મો. ૯૯૨૪૭ ૯૧૭૭૦



ગિરીશભાઈ કે શાહ
મો. ૭૭૭૯૦ ૧૭૬૫૯



દશરથલાલ એસ ગાંધર્વ
મો. ૯૪૨૬૫ ૧૯૭૮૫



ચંદ્રિકા રાવલ
લાયોનેસ કલબ



જયરાજસિંહ
હિતેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૭૩૭૭ ૪૯૦૬૩



દેવાંશ કલ્પેશ બાલપાંડે

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા દ્વારા

# ગાજરઘાસ જાગરૂકતા માટે ખેડૂત સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા દ્વારા ગાજરઘાસ જાગરૂકતા સપ્તાહની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી. આ દરમિયાન કેન્દ્ર ખાતે એક ખેડૂત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ખેડૂતોને આ ખોફનાક નિંદણ વિશે માહિતગાર કરી સૌપ્રથમ અમેરિકાથી ૧૯૫૫માં આયાતી ઘઉં સાથે આપણા દેશમાં પ્રથમ પ્રવેશ મેળવી આજ સુધીમાં તે દ્વારા થયેલા વ્યાપક નુકસાનની માહિતી અપાઈ હતી.




આ નીંદણ આપણા વિસ્તારમાં ફેલાય નહીં તે માટે ખેડૂત તેને ઓળખે અને ઉગતાની સાથે જ તેનો નાશ કરવામાં આવે તેવું જણાવી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાત ભરત હડિયા દ્વારા આ નીંદણની જમીન, વનસ્પતિ, પ્રાણી અને મનુષ્ય પર થતી ઘાતક અસરોની ચર્ચા કરવામાં આવી હતી અને તેના નિયંત્રણ માટે જરૂરી પગલાં સૂચવવામાં આવ્યાં હતાં. આ ખોફનાક નીંદણનાં પાન ગાજરના છેડને મળતા આવતા હોવાથી તેને ગાજરઘાસ કહે છે. આ ઉપરાંત તેને કોંગ્રેસ ઘાસ કે સફેદ ટોપી જેવાં નામથી પણ ઓળખવામાં આવે છે. આ નીંદણ ઘાસનું વૈજ્ઞાનિક નામ પારથેનિયમ હિસ્ટોફેરસ છે, જે પારથેનિન નામનું ઝેરી તત્ત્વ ધરાવે છે, જેના કારણે અન્ય વનસ્પતિ આ છોડ આજુબાજુ ઊગી શકતી નથી. આ છોડનો રસ પશુ કે માણસની ચામડી પર પડતાં ચામડીના રોગ થાય છે અને શ્વાસમાં આ છોડના ફૂલની પરાગરજ જવાથી દમના રોગ થઈ શકે છે. દૂધ આપતાં પશુ આ ઘાસ ખાય તો દૂધમાં પણ પારથેનીન તત્ત્વ ભળે છે, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આ છોડ સમગ્ર વર્ષ દરમિયાન ઉગી-વિકસી શકે છે અને ૪થી ૫ માસમાં પરિપક્વ થઈ એક છોડ દીઠ ૧૦થી ૨૫ હજાર જેટલાં બીજ ઉત્પાદન કરે છે અને હવા, પાણી, પશુ, વાહન દ્વારા નવા-નવા વિસ્તારમાં ફેલાય છે અને ખાસ કરીને રોડ, રેલવે આજુબાજુની પડતર અને ગૌચર જમીનને પ્રથમ વેરાન કરી ખેતીની જમીનમાં પણ ફેલાઈ શકે છે.

# સ્વનિર્ભર પેરા મેડિકલ કૉલેજોમાં મૅનેજમૅન્ટ ક્વોટાની બેઠકો બાબતે સરકાર દ્વારા સુપ્રિમ કૉર્ટમાં કરેલી રીટ પાછી ખેંચાઈ

ગાંધીનગર, તા. ૨૨

સ્વનિર્ભર પેરા મેડિકલ કોલેજોની મેનેજમેન્ટ કવોટાની બેઠકો જાતે ભરવા માટે સંચાલકોએ કોર્ટનો આશરો લીધો હતો. કોર્ટમાંથી સંચાલકોને મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવા માટે મંજૂરી આપી દેવામાં આવી હતી. જેની સામે સરકારે સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય કર્યો હતો. સરકાર દ્વારા સંચાલકો સામે સુપ્રીમમાં રિટ ફાઈલ પણ કરી દેવામાં આવી હતી. પરંતુ અચાનક અગમ્ય કારણોસર હાલમાં આ રિટ પાછી ખેંચી લેવામાં આવી છે. જેના કારણે હવે સંચાલકો માટે મેનેજમેન્ટ કવોટાની બેઠકો પોતાની રીતે ભરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. જો કે, સરકારે કયા કારણોસર અચાનક સુપ્રીમમાં કરેલી રિટ પાછી ખેંચી તે અંગે હાલ અનેક તર્કવિતર્ક ઊભા થયા છે.

પેરા મેડિકલ એટલે કે હોમિયોપથી, આયુર્વેદ, ફિઝિયોથેરાપી, નર્સિંગ સહિતની જુદી જુદી બ્રાન્ચોમાં સ્વનિર્ભર કોલેજોની બેઠકો ભરવાની સત્તા પ્રવેશ સમિતિએ પોતાના હસ્તક લીધી હતી. પ્રવેશ સમિતિએ વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન ફોર્મ મંગાવીને મોક રાઉન્ડમાં સ્વનિર્ભર પેરા મેડિકલ કોલેજોની મેનેજમેન્ટ બેઠકો પર પણ ફાળવણી કરી દીધી હતી. અચાનક સ્વનિર્ભર પેરા મેડિકલ કોલેજના સંચાલકોએ મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવાનો હક્ક પોતાનો છે તેવો મુદ્દો ઉપસ્થિત કરીને હાઈકોર્ટમાં રિટ કરી દીધી હતી. હાઈકોર્ટે મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવાનો હક્ક સંચાલકોને આપવા આદેશ કર્યો હતો. સ્વનિર્ભર કોલેજ સંચાલકોની હાઈકોર્ટમાં જવાની પ્રક્રિયાને સરકારે ગંભીરતાથી લીધી હતી. એક તબક્કે સરકારે તમામ સ્વનિર્ભર કોલેજ સંચાલકો સામે કડક કાર્યવાહી કરવાનું મન બનાવી લીધું હતું. સૂત્રો કહે છે જે સ્વનિર્ભર કોલેજ સંચાલકો સરકાર સામે હાઈકોર્ટમાં ગયા હતા તે તમામ સ્વનિર્ભર કોલેજોને મંજૂરી સરકાર દ્વારા જ આપવામાં આવી છે. કેટલીક સંસ્થાઓને તો રાહતદરે જમીનો પણ એનાયત કરવામાં આવી છે. આમ છતાં આ કોલેજો સરકારની ઉપરવટ હાઈકોર્ટમાં જતાં સરકારે હાઈકોર્ટમાં રિટ પણ કરી દીધી હતી. પરંતુ અચાનક તમામ સમીકરણો બદલાઈ ગયા અને સરકારે રિટ પાછી ખેંચી લીધી હતી.

# સંબંધોમાં જડતા : સંબંધિત બંને માટે પીડાદાયક

## આવો જીવીએ શાનદાર


વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

શ્રીમદ ભાગવતમાં એક બ્રહ્મજ્ઞાની રાજાની વાર્તા છે. પુરાકલ્પન પ્રમાણે એ રાજાએ ખૂબ જ કુશળતાપૂર્વક રાજ્ય ચલાવ્યું. રાજાએ પ્રજાવત્સલ, પ્રજા હિતકારક રાજા તરીકે ખ્યાતિ અને સન્માન મેળવ્યા. એ રાજા વૃધ્ધ થયા એટલે વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કર્યા પહેલા પોતાના પુત્રને રાજકાજ સોંપીને સાધુજીવન વ્યતિત કરવા વનમાં ચાલ્યા ગયા. વનમાં ગયા પહેલા રાજાએ સર્વ પ્રકારના દુન્યવી સંબંધો, સંપતિ પ્રત્યેની મોહમાયાનો ત્યાગ કરી દીધો હતો. રાજકાજ દરમિયાન પણ રાજાની ઈશ્વરભક્તિ અને ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા અતૂટ હતી. રાજા વનમાં ગયા પછી સર્વ પ્રકારના સંબંધોથી પર થઈ ગયા અને ઈશ્વરભક્તિમાં લીન થઈ ગયા. રાજાને પોતાના વન્યજીવન દરમિયાન કોઈજ પ્રકારની મોહમાયા સ્પર્શી શકતા ન હતા. સતત ઈશ્વર સાથે એકાગ્રતા સાધી અને ઈશ્વરમય જીવન વિતાવતા હતા. એક દિવસ રાજા નદી કિનારે ઈશ્વરભક્તિમાં લીન હતા ત્યારે એક સગર્ભા હરણી નદીમાં પાણી પીવા આવી. હરણી પાણી પીતી હતી તે જ સમયે એક સિંહે ગર્જના કરી. સિંહગર્જના સાંભળીને હરણી ગભરાઈ ગઈ અને ગભરાટમાં ને ગભરાટમાં હરણી નદીમાં પડી ગઈ અને પ્રવાહમાં તણાવા લાગી. રાજાએ આ દૃશ્ય નિહાળ્યું અને ડૂબતી હરણીને બચાવવા નદીમાં કૂદી પડ્યાં. ડર અને ભયથી હરણીને નદીમાં જ પ્રસૂતિ થઈ ગઈ. રાજાએ હરણી અને તેના બચ્ચાને બચાવીને નદીમાંથી બહાર કાઢ્યા. પોતાની કુટીરમાં લાવ્યા અને બંનેની સુશ્રુષા કરી.

આ ઘટના પછી રાજાનું મન એ બંને જીવમાં જ પરોવાઈ ગયું. રાજા દિન-રાત એ હરણી સાથે જ સમય વિતાવવા લાગ્યા. રાજાને એ હરણી પ્રત્યે એક પ્રકારની આસક્તિ, અનુરાગ કે સ્નેહબંધન થઈ ગયું તેને કારણે તેનો ઈશ્વરભક્તિનો સમય નહિવત થઈ ગયો. રાજાનું મૃત્યુ નજીક આવ્યું. મૃત્યુ સમયે પણ તેનું મન એ હરણીમાં જ પરોવાયેલું રહ્યું, એક ચિંતા સાથે કે પોતાના મૃત્યુ પછી એ હરણીની સાર-સંભાળ કોણ રાખશે ?

મૃત્યુ સમયે રાજાનું મન હરણીમાં જ પરોવાયેલું રહ્યું હતું તેથી એ રાજાને બીજા જન્મમાં હરણીનો જ અવતાર મળ્યો. બીજા જન્મની એ હરણીને પૂર્વજન્મની સ્મૃતિ થઈ અને પોતાને હરણી તરીકે અવતાર શા માટે મળ્યો તેની પણ સમજણ પડી, તેથી પોતાના હરણીના અવતાર દરમિયાન તે ખૂબ જ સાત્વિક જીવન જીવી.

રાજાનો ત્રીજો અવતાર એક બ્રાહ્મણ તરીક થયો. ત્રીજા જન્મમાં પણ તેને પૂર્વ બે જન્મોની સ્મૃતિઓ હતી તેથી કોઈ જ દુન્યવી જીવો કે સાધનો સાથે તેને આસક્તિ ના થઈ જાય અને પોતાનો જીવ સતત ઈશ્વર સાથે જ પરોવાઈ રહે એ હેતુથી એ બ્રાહ્મણે બચપણથી જ મૂંગા રહેવાનુ પસંદ કર્યું. એ કોઈને પણ કોઈ જ પ્રકારનો પ્રતિભાવ ના આપતા. ખાવાપીવાની કે પોતાના શરીરની પણ દરકાર નહીં. કોઈ જ વ્યક્તિ સાથે દુન્યવી સંબંધો પણ નહીં. માત્ર પોતાના આત્માનું ઈશ્વર સાથેનું જ જોડાણ. એ બ્રાહ્મણના એ પ્રકારના વ્યવહાર અને વર્તનને કારણે લોકો તેને બહેરો અને મૂંગો જ સમજવા લાગ્યા. કેટલાક લોકો તેની મૂર્ખમાં ગણના કરતાં. એ બ્રાહ્મણ એટલી હદ સુધી ઈશ્વરમાં લીન હતા કે એક વખત કેટલાક લોકોને માતાને બલી ચડાવવાનો હતો. બલી માટે પસંદ કરેલી વ્યક્તિ છેલ્લી ઘડીએ છટકી ગઈ એટલે લોકો એ બ્રાહ્મણની બલી ચઢાવવા માટે તેને ઢસડીને લઈ ગયા. એ બ્રાહ્મણ તો એકદમ અનાસક્ત હતા તેથી તેને બલી માટે પણ કોઈ જ પ્રકારની આનાકાની ના કરી. કહે છે કે છેવટે માતાએ પ્રસન્ન થઈને એ બ્રાહ્મણને જીવતદાન આપ્યું. એ રાજા, એ પહેલા જન્મના રાજા એ બીજું કોઈ નહીં પણ મહાપ્રતાપી રાજા ભરત જેના નામ ઉપરથી ભારત દેશ ઓળખાય છે. એ જ રાજાનો ત્રીજો અવતાર પણ ભરતના નામથી થયો જે જડભરત ના નામથી ઓળખાયા.



માણસની માણસ પ્રત્યેની કે અન્ય જીવો પ્રત્યેની સહાનુભૂતિ, અનુકંપા કે કરુણા કે લગાવ એ ખોટા નથી. હકીકતમાં એ ખૂબ જ ઉમદા ગુણો છે. પણ એ સહાનુભૂતિ, એ અનુકંપા, એ કરુણા કે લગાવ જ્યારે આસક્તિમાં પરિણામે છે ત્યારે વ્યક્તિની આધ્યાત્મિકતા, વ્યક્તિની સમાજીકતા, વ્યક્તિના અંગત સંબંધો, સામાજીક સંબંધો અને આધ્યાત્મિક સંબંધો ખતરામાં મુકાય છે. કોઈ પણ પ્રત્યેની કાળજી, પ્રેમ કે તેની રખાવટ માણસને આનંદ આપે છે, આત્મસંતોષ આપે છે પણ એ કાળજી , પ્રેમ કે રખાવટની ભાવના જ્યારે એક અનુરાગ કે આસક્તિમાં પરિણામે છે ત્યારે માણસ એ આસક્તિનો ગુલામ બની જાય છે. પ્રેમ વ્યક્તિને ઉન્નત શિખરે લઈ જઈ શકે છે જ્યારે જિજીવિષા વ્યક્તિને લાગણી અને સ્નેહબંધનના તાણાવાણામાં એવી ફસાવી દે છે કે વ્યક્તિને એમાથી છટકવું મુશ્કેલ બની જાય છે. પહેલા જન્મમાં રાજા ભરતને પોતાના જીવનના છેલ્લા દિવસોમાં કદાચ આવું જ બન્યું હતું. તેઓની હરણી સાથેની આસક્તિને કારણે તેનો જીવ એ હરણીમાં રહી ગયો અને પોતાનું જીવન ધ્યેયથી ચલિત થઈ ગયું. પોતાના ત્રીજા જન્મમાં એ બ્રાહ્મણ દુન્યવી સંબંધો અને મોહમાયાથી તદન મુક્ત અને અલિપ્ત રહ્યા તો તેને લોકોએ બહેરા, મૂંગા, મૂર્ખ અને જડ કહ્યા. આ જ કારણથી તેઓ જડભરત કહેવાયા. પ્રેમ અને આસક્તિ વચ્ચેની સમતુલા જ કદાચ વ્યક્તિને માનવીય સંબંધો ઉન્નત શિખરોએ પહોંચાડી શકે છે.

માનવીય સંબંધોમાં જે વ્યક્તિને દયા, માયા, શોક, શરમ, વિશ્વાસ, સહાનુભૂતિ, માન, અપમાન, પ્રેમ જેવી કોઈ જ પ્રકારની લાગણીઓ સ્પર્શી શકતી નથી એવી વ્યક્તિઓને આપણે પેલા ત્રીજા જન્મના બ્રાહ્મણ જેવા જ, જડભરત તરીકે ઓળખીએ છીએ.

માનવીય સંબંધોની તીવ્રતા મોટેભાગે સંજોગો ઉપર આધારિત હોય છે. માનવીય સંબંધોમાં વ્યક્તિના પોતાના સંજોગો હંમેશા એક સરખા નથી હોતા. સંજોગો હંમેશા બદલાતા રહે છે અને સંજોગોની સાથે સાથે સંબંધોમાં પણ બદલાવ આવતો રહે છે. સંબંધોના બદલાતા સંજોગો સાથે સાથે વ્યક્તિએ પણ પોતાના વાણી, વર્તન અને વ્યવહારમાં યોગ્ય પરીવર્તન લાવવું જરૂરી બને છે. વ્યક્તિ જો બદલાતા સંજોગો સાથે પોતાનામાં યોગ્ય પરીવર્તન ના લાવી શકે તો એ વ્યક્તિને પણ આપણે ‘જડ’ જેવા ઉપનામ થી જ નવાજીએ છીએ.

કોઈપણ સંબંધોમાં વ્યક્તિ પોતે અને તેની સાથે એક કે વધારે અન્ય વ્યક્તિઓ સંકળાયેલી હોય છે. વ્યક્તિના ઘણાબધા નિર્ણયો પોતાની સાથે સંકળાયેલી સંબંધિત વ્યક્તિઓને પણ અસર કરતાં હોય છે. પોતાની સાથે અન્ય સંબંધિત વ્યક્તિઓને અસર કરતાં નિર્ણયો જો વ્યક્તિ એ લોકોને વિશ્વાસમાં લીધા વિના લેતી હોય તો સંબંધોમાં વિસંવાદીતતા સર્જાય છે. તેને બદલે સંબંધિત વ્યક્તિઓ સાથે ચર્ચ-વિચારણા કરી, તેઓને વિશ્વાસમાં લઈને જો નિર્ણય લેવામાં આવે તો સંબંધોમાં સંવાદીતતા જળવાઈ રહે છે અને સંબંધો વધુ ગાઢ બને છે.

(ક્રમશઃ)

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ટોઈલેટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ઍનાબેલ (અંગ્રેજી)
૩.૦૦, ૭.૩૦
ઍનાબેલ (હિન્દી)
૫.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
તંબુરો (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૦૦
૭.૪૫, ૧૦.૦૦
પાર્ટીશન ૧૯૪૭
૫.૩૦

**સ્ક્રીન-૫**
બૉરિલી કી બરફી
૧૦.૦૦, ૧૨.૪૫,
૩.૪૫, ૧૦.૧૫
પાર્ટીશન ૧૯૪૭
૮.૦૦